ગાંધીનગર ભાસ્કર, પાના નં. ૦૨, તા. ૨૭.૦૬.૨૦૨૪

### ત્રણ દિવસ સુધી વિવિધ સ્ટ્રેચમાં ચેકિંગ થશે અને તે પછી સુધારા-વધારા કર્યા બાદ ફાઇનલ રિપોર્ટ અપાશે

# મોટેરાથી સેક્ટર-1 સુધીના રૂટ પર મેટ્રો રેલનું સેફ્ટી ઈન્સ્પેક્શન શરૂ, જુલાઈમાં મુસાફરો માટે દોડતી થશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

અમદાવાદથી ગાંધીનગર સુધી મેટ્રો રેલ જુલાઇના મધ્યભાગથી શરૂ થઈ જવાની પૂર્ણ શક્યતા છે. મેટ્રો રેલના ટ્રેક અને સ્ટેશનની ચકાસણીનો આખરી તબક્કો એટલે કે સેફ્ટી ટ્રાયલ અને ઈન્સ્પેક્શન શરૂ કરી દેવામાં આવ્યું છે. તે પછી સલામતીને લગતી તમામ બાબતો ફાઈનલ કરીને સર્ટીફિકેટ આપવામાં આવશે અને ત્યારબાદ જુલાઈ મહિનાના બીજા કે ત્રીજા સપ્તાહમાં મેટ્રો રેલને મુસાફરો માટે દોડતી કરવામાં આવે તેવી શક્યતા છે. બુધવારે કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી દ્વારા સેફ્ટી ઈન્સ્પેક્શનની શરૂઆત કરવામાં આવી હતી.

અમદાવાદ મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડીયમથી ગાંધીનગર મહાત્મા મંદિર સુધીના 28 કિલોમીટરના રૂટમાં મેટ્રો સ્ટેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર રૂટ પર કુલ 22 સ્ટેશનો રહેશે. પ્રથમ તબક્કે મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડીયમથી સેક્ટર-1 (ચ-2) સ્ટેશન તથા જીએનએલયુથી ગિફ્ટ સિટી લિંક સુધીના રૂટની કામગીરી પુરી કરી દેવામાં આવી છે. હવે આ બંને રૂટ પર કોમર્શિયલ રન એટલે કે મુસાફરો સાથે મેટ્રો રેલની વિધિવત શરૂઆત કરવામાં આવશે. ગુરૂવારે મોટેરાથી સેક્ટર-1 (ચ-2) રૂટ પર સેફ્ટી ઈન્સ્પેક્શનની શરૂઆત કરવામાં આવી હતી. કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી આર.કે. મિશ્રાએ ખુદ આ રૂટની મુલાકાત લીધી હતી. તેઓએ સેક્ટર-1ના સ્ટેશનની પણ મુલાકાત લીધી હતી. ત્રણ દિવસ દરમિયાન વિવિધ સ્ટેચમાં રૂટની સેફ્ટીની ચકાસણી કરવામાં આવશે. તે દરમિયાન જોવા મળેલી ક્ષતિઓ અંગે રીપોર્ટ કરવામાં આવશે અને તેને સુધાર્યા બાદ ફાઈનલ સર્ટીફિકેટ આપવામાં આવશે. સેફ્ટી અંગેનું ફાઈનલ સર્ટીફિકેટ મળ્યા બાદ કોમર્શિયલ રન શરૂ કરી શકાશે. જેથી જુલાઈના બીજા કે ત્રીજા સપ્તાહમાં મેટ્રો રેલની સુવિધા ઉપલબ્ધ થાય તેવી શક્યતા છે. આ રૂટ પરના તમામ સ્ટેશનોની કામગીરી પણ પૂર્ણ થઈ ગઈ છે હાલ કેટલું ફિનિશીંગનું કામ ચાલી રહ્યું છે જે ગણતરીના દિવસોમાં પૂર્ણ થઈ જશે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકાર્પણ કરે તેવી શક્યતા



અમદાવાદ- ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ અંગે વડાપ્રધાન મોદી અંગત રસ લઈને વખતોવખત સમીક્ષા કરતા હોય છે. મોટેરાથી ગાંધીનગર સુધીના રૂટની સેફ્ટી ટ્રાયલ પૂર્ણ થયા બાદ મેટ્રો રેલ સુવિધાનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થાય તેવી શક્યતા છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા વડાપ્રધાનનો સમય માંગવામાં આવશે અને તે પછી લોકાર્પણની તારીખ નક્કી થશે.